## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## સંશોધન સમિતિની ૧૭મી બેઠકની કાર્યનોંધ

---

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળની સંશોધન સમિતિની ૧૭મી બેઠક કરવા અંગે માન.કા.કુલપતિશ્રીનાં ફાઈલ પર મળેલ આદેશ અનુસાર આ કમિટીની બેઠક તા.૨૫/૦૭/૨૦૨૩નાં રોજ સાંજે ૫:૦૦ કલાકે માન.કા.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં સુધર્મા હોલમાં આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

(૧) પ્રો. (ડૉ.) લલિતકુમાર એ.પટેલ, માન.કા.કુલપતિશ્રી
(૨) ડૉ. દશરથ જાદવ, માન.કુલસચિવશ્રી (આમંત્રિત સભ્યશ્રી)
(૩) ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા
(૪) પ્રો. વિનોદ કુમાર ઝા
(૫) ડૉ. ડી.એમ. મોકરિયા
(૬) ડૉ. ભગવતીબેન ડાભી
(૭) ડૉ. કાર્તિક પંડ્યા
(૮) શ્રી ભાવિન પંડ્યા

બેઠકની શરૂઆતમાં ડૉ. કાર્તિક પંડ્યા દ્વારા સમિતિના તમામ સભ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ, કરેલ અને ચાલી રહેલ કામગીરીનો અહેવાલ ક્રમ નં. (૧) થી (૧૪) પ્રસ્તુત કરીને તેની બહાલી મેળવી. અંતે, માન.કા.કુલપતિશ્રીની સહમતિ મેળવી નિયત કરેલા એજન્ડા રજૂ કરેલા હતાં. એજન્ડા મુજબ દરેક વિષય પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરી નીચે મુજબનાં નિર્ણય/ભલામણ કરવામાં આવેલ છે.

(૧) છ માસિક પીએચ.ડી. પ્રગતિ પ્રતિવેદન સમીક્ષાની પ્રથમ બેઠક (6-Monthly Ph.D. Progress Review Report Meeting) વખતે જે શોધાર્થીઓ અનુપસ્થિત રહે તેમની પાસે દંડાત્મક ફી પેટે Rs. ૧૫૦૦/- (રૂપિયા એક હજાર પાંચસો) શોધાર્થી દીઠ જમા લઈ પુનઃસમીક્ષા બેઠકમાં બોલાવવા સમિતિ ભલામણ કરે છે. તે મુજબ ગત છ માસિક પીએચ.ડી. પ્રગતિ પ્રતિવેદન સમીક્ષાની પ્રથમ બેઠક (6-Monthly Ph.D. Progress Review Report Meeting)માં જે એકવીસ (૨૧) શોધાર્થીઓ અનુપસ્થિત હતા તેમની પાસે ઉપરોક્ત વિગતે દંડાત્મક ફી લઈ પુનઃસમીક્ષા બેઠકમાં બોલાવવા સમિતિ ભલામણ કરે છે. આ બાબતનો સુધારો નિયમોમાં કરીને તેની બહાલી/મંજૂરી મેળવી પ્રકાશિત કરવા સમિતિ ભલામણ કરે છે.

(૨) સંશોધન વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ Ph.D. Guideship Application Form મંજૂર કરવા અને તેની બહાલી/મંજૂરી મેળવી પ્રકાશિત કરવા સમિતિ ભલામણ કરે છે. ભવિષ્યમાં આ ફોર્મ સંસ્કૃત-અંગ્રેજી એમ બે ભાષામાં તૈયાર કરવા સમિતિ ભલામણ કરે છે.

(૩) UGC નિયમાનુસાર 12 Creditsનો Ph.D. Course Work કરવાનો થાય છે. તે અંતર્ગત 8 ક્રેડિટનો કોર્સવર્ક યુનિવર્સિટી દ્વારા તથા 4 ક્રેડિટનો કોર્સ શોધાર્થી યુનિવર્સિટીએ નક્કી કરેલ કોર્સ જેની યાદી સંશોધન વિભાગ બનાવી મંજૂર કરાવે તેવા SWAYAM/MOOC વગેરે ઓનલાઇન પોર્ટલના માધ્યમથી કરી તેનું પ્રમાણપત્ર સંશોધન વિભાગમાં જમા કરાવે ત્યાર બાદ શોધાર્થીનો થીસીસ જમા લેવામાં આવે તેમ સમિતિ ભલામણ કરે છે. 08 ક્રેડિટનું માળખું UGCએ સૂચવેલ વિષયોનું મોડ્યૂલ બનાવી વિભાગ દ્વારા તૈયાર કરી સમિતિની અગ્રિમ બેઠકમાં રજૂ કરવામાં આવે તેમ સમિતિ ભલામણ કરે છે. Ph.D. Course Work માટે થનાર આયોજનના ખર્ચને પહોંચી વળવા Ph.D. Course Workની ફી Rs. 2,000 /- થી વધારીને Rs. 6,000/- રાખવા સમિતિ ભલામણ કરે છે.

(૪) ઉપરોક્ત સુધારાઓને આધીન સંશોધન વિભાગ દ્વારા બે Process Flowchartsમાં કરવામાં આવેલ સુધારા-વધારા મંજૂર કરવા અને તેની બહાલી/મંજૂરી મેળવી પ્રકાશિત કરવા સમિતિ ભલામણ કરે છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

Scanned with CamScanner

(૫) ડૉ. જીગર ભટ્ટની Research Project (Seed Grant)ની અવધિ વધારવા અંગેની આવેલ અરજીની ચકાસણી કરતા Research Projectમાં તેમના 60% પ્રોગ્રેસને ધ્યાને લઇ તેઓશ્રીને ૭ મહિનાની અવધિ વધારી આપવા સમિતિ ભલામણ કરે છે.

(૬) સંશોધન વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ Permission Form for Pre-Ph.D. Presentation યથાવત્ રાખવા સમિતિ ભલામણ કરે છે.

(૭) સંશોધન વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ 6-Monthly Ph.D. Progress Report Review Form અંગ્રેજી અને સંસ્કૃત એમ બે ભાષામાં મંજૂર કરવા અને તેની બહાલી/મંજૂરી મેળવી પ્રકાશિત કરવા સમિતિ ભલામણ કરે છે.

**મહાનુભાવોનાં સૂચનો-**

(૮) સ્વ. મહેતા જયેશકુમાર કનસુખલાલને માન.કુલપતિશ્રીની સહીથી અંગત ફાઇલમાં મંજૂરી લઇ Ph.D. Degree આપવા સમિતિ ભલામણ કરે છે.

(૯) યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અને સ્વનિર્ભર ધોરણે ચાલતાં રિચર્ચ સેન્ટરોમાં ૬૨ વર્ષ કરતાં વધારે કોઈ મહાનુભાવની સેવા લેવા બાબતે સંસ્થા દ્વારા વધારો કરવામાં આવે તો યુનિવર્સિટી દ્વારા UGC નિયમાનુસાર મહત્તમ ૭૦ વર્ષ સુધી માર્ગદર્શકતા આપી શકાય તેમ સમિતિ ભલામણ કરે છે. તેને અનુરૂપ સંશોધન વિભાગે AARSH, Gandhinagarના પ્રો.શ્રુતિપ્રકાશદાસ સ્વામીની UGC નિયમાનુસાર ૬૫ વર્ષ સુધી Ph.D. માર્ગદર્શકતા લંબાવેલ છે. કરેલ કામગીરીની નોંધ લઈ સમિતિ બહાલી/મંજૂરીની ભલામણ કરે છે.

(૧૦) પીએચ.ડી. મહાશોધનિબંધ માટે સંસ્કૃત ભાષામાં મૂલ્યાંકન રિપોર્ટ આપી શકે તેવા રેફરીશ્રીઓનો સમાવેશ તમામ સંકાયનાં લિસ્ટમાં કરવામાં આવે તથા અત્રેના સંશોધન વિભાગ દ્વારા પણ પ્રાપ્ત માહિતી અનુસાર સકાયાધ્યક્ષીઓનું ધ્યાન જે-તે વિષય અંગે દોરવું. Ph.D. ખૂબ જ મહત્ત્વપૂર્ણ ડિગ્રી હોય માટે મૂલ્યાંકન બાબતે ખૂબ સાવચેતી અને ચીવટ રાખવી જરૂરી છે તેમ સમિતિ ભલામણ કરે છે.

(૧૧) ૨૭ પીએચ.ડી મહાશોધનિબંધોની સોફ્ટકોપી વિભાગમાં પ્રાપ્ત થયેલ નથી તે માટે ગ્રંથપાલશ્રી તથા ગ્રંથાલયની અનુકૂળતા મુજબ અત્રેના સંશોધન વિભાગનો સ્ટાફ ગ્રંથાલયમાં બેસી બાકી રહેલા મહાશોધપ્રબંધોને સ્કેન કરવાની કામગીરી કરે તેમ સમિતિ ભલામણ કરે છે.

**અધ્યક્ષશ્રીનાં સૂચનો-**

(૧૨) Ph.D. Course Work 12 ક્રેડિટનું માળખું તૈયાર કરવામાં આવે ત્યારે તેમાં ખાસ કરીને રિસર્ચ મેથોડોલોજી, હસ્તપ્રતવિજ્ઞાન, સંશોધન સાથે સંબંધિત આધુનિક ટેક્નોલોજી, લાયબ્રેરી અને ભાષાવિજ્ઞાન જેવા વિષયોનો વિશેષ સમાવેશ કરવો જોઇએ તથા Ph.D. Course Workનું આયોજન વેકેશન દરમિયાન કરવા ભલામણ છે.

બેઠકના અંતે સંશોધન અધિકારીશ્રીએ તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂર્ણ કરેલ હતી.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY
VERAVAL

(ડૉ.કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી

Scanned with CamScanner